# વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આપવામાં આવેલ 'રાઈ'ની નવી જાત જી. એમ. ૮ ના પ્રથમ હરોળના નિદર્શનની વૈજ્ઞાનિક દ્વારા મુલાકાત

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના **"એ. આઇ. સી. આર. પી. ઓન સીડ (ક્રોપ્સ)"** અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા **'રાઈ'** પકવતા પ્રગતિશીલ ખેડૂતોને **'રાઈ'ની નવી જાત જી. એમ. ૮ (આણંદ હેમા) ના પ્રથમ હરોળના નિદર્શન** આપવામાં આવેલ. જે પૈકી **ડભોઉ, સામરખા, જહાંગીરપુરા અને બાંટવા ગામના ખેડૂતોના ખેતરોની મુલાકાત નોડલ અધિકારીશ્રી (સીડ), ડો. એ. એસ. ભાણવડીયાનાં માર્ગદર્શન મુજબ**, આણંદ કૃષિ યુનિવર્સિટીના રાઈ પાકના વૈજ્ઞાનિકશ્રી કુ. હિતિક્ષાબેન પરમારે તેમજ વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના ફાર્મ મેનેજરશ્રી પ્રો. વિજયભાઈ પટેલે તા. ૮, ૯ અને ૧૧ જાન્યુઆરી દરમ્યાન લીધેલ.

ખેડૂતોના પ્રત્યક્ષ સંપર્ક દ્વારા અને ખેતરોની જાત મુલાકાત લઇ **'રાઈ'ની નવી જાત જી. એમ. ૮ (આણંદ હેમા) ની ખેતીના પ્રતિભાવો મેળવેલ.**

૧. પટેલ શૈયુશકુમાર ચુનીભાઈ, ડભોઉ (સોજિત્રા),
૨. ગોહેલ મહેશભાઈ બુધાભાઈ (જહાંગીરપુરા),
૩. પટેલ ધર્મેન્દ્રકુમાર કનુભાઈ (સામરખા),
૪. પટેલ દિક્ષિતકુમાર અરવિંદભાઈ (બાંટવા)

**ખેડૂતોને રાઈની આ નવી જાત જી. એમ. ૮ (આણંદ હેમા), વહેલી પાકતી હોવાથી પિયતની ઓછી જરૂરિયાતવાળી અને મોલોમશી તથા ભુકીછારાના રોગનો ઓછો ઉપદ્રવ ધરાવતી જણાયેલ છે. ખેડૂતોએ જાત વિષે સંતોષ વ્યક્ત કરી, હવે પછીની કાપણી, સુકવણી તેમજ સંગ્રહ અંગે જરૂરી માર્ગદર્શન મેળવેલ હતું.**

પટેલ શૈયુશકુમાર ચુનીભાઈ, ડભોઉ (સોજિત્રા), તા. ૮.૧.૨૦૨૪



ગોહેલ મહેશભાઈ બુધાભાઈ (જહાંગીરપુરા), તા. ૯.૧.૨૦૨૪



## પટેલ ધર્મેન્દ્રકુમાર કનુભાઈ (સામરખા), તા. ૯.૧.૨૦૨૪



## પટેલ દિક્ષિતકુમાર અરવિંદભાઈ (બાંટવા), તા. ૧૧.૧.૨૦૨૪



*********